ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સરદારની ઊંચાઈથી, ઊંચા થઈ જવું છે!*
*ને હળદરને ગાંઠીયે ગાંધી થઈ જવું છે!*
*થઈ જવું છે વિનોબા, ભાષણમાં ભાવક બની -*
*લોકશાહીને બૂરખે, મુખત્યાર થઈ જવું છે...*

### હાઈકુ

*ગોઠવ્યો તખ્તો,*
*ગાદી આરોહણનો -*
*મુલાયમ માર્ગે...*
*(નાટક જેવું નથી લાગતું?!)*

*લઈ લે લાભ*
*રમતવીર પણ*
*પીચ જોઈને...*
*(સિદ્ધુનો છગ્ગો)*

### ચિંતન

**ગુણવાનપિ ક્ષુદ્રપક્ષસ્ત્યજતે ।**

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

ગુણવાન ક્ષુદ્રોને ત્યાગ કરવો જોઈએ. શિક્ષણ, સભ્યતા તથા ધન ધરાવતી નીચ વ્યક્તિનો સંગ ના કરવો જોઈએ. કારણ કે આ બધું હોવા છતાં તે તેનો મૂળભૂત સ્વભાવ - એની નીચતા છોડી સકતી નથી અને એ કારણે તે ગમે ત્યારે પણ અનિષ્ટજનક બની શકે છે.

જે લોકો દુષ્ટ સ્વભાવના - દુર્જન અને લૂચ્ચા છે તે નીચ-શુદ્ર છે- ચાણક્ય એ આવા લોકો ભણેલા - ગણેલા હોવા છતાં તેમના સ્વાભાવિક-સંસ્કારમાં રહેલી નીચલા કયારેકને કયારેક, તક-યોગ મળતાં પોતાનો ભાગ ભજવી જ જાય છે. આથી દુર્જનનો સંગ ન કરવો.

આમ, આ સૂત્રમાં 'સત્સંગ'નું મહત્ત્વ છે. શુદ્રને સંકુચિત અર્થમાં ન લેતા - સંસ્કાર ને મહત્ત્વ આપવાનું છે; એ જ આજના યુગમાં વ્યવહારૂ વિકલ્પ છે.

### સુવિચાર

- જ્ઞાન યે છીપ છે, જેમાં પ્રવેશ કરીને માનવજીવન મોતી બની જાય છે - **અખંડ આનંદ**
- પોતાની ઈચ્છાઓ, બડાઈઓ,
  કામનાઓ અને અહંકારને ઓગાળી નાંખવું એનું નામ જ સાચું 'સમર્પણ' - **સ્નેહલ દવે**
- પોતાને બધા 'ઓળખે' તો બધા ઈચ્છે છે પણ...
  પોતાને કોઈ 'ઓળખી જાય' એ માણસને પોતાસું નથી - **રસિક વાળંદ**
- વિશ્વમાં બે પ્રકારના લોકો હોય છે, આપનારા અને લેનારા, લેનારા સારું ખાઈ શકે છે,
  જયારે આપનારા સારૂં ઊંઘી શકે છે - **અમૃતબિંદુ**
- આત્મા તરફ જેની ગતિ એ અધ્યાત્મ,
  અને સૃષ્ટિની ક્રિયા ને પ્રક્રિયામાં જે આપણું બ્રહ્માંડ સાથે આપે છે તે કર્મ જ છે - **ગીતા અમૃત**
- આજનું ઔષધ : સોનામુખીનું ચૂર્ણ હુંફાળા પાણી સાથે લેવાતી કબજિયાત મટે છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ઘણીવાર મોટા ધર્મગ્રંથો - સત્સંગ તપ દ્વારા પણ જે 'જ્ઞાન' નથી મળતું તે દુ:ખ આપત્તિની એક ક્ષણ વીજળીના ઝબકારની જેમ આપી જાય છે.

હેન્રી થોર્નટર્ન અમેરિકાનો મોટો વેપારી હતો. દાનેશ્વરી અને નિષ્ઠાવાન વેપારી તરીકે પણ પ્રખ્યાત હતો.

એકવાર એક સેવા સંસ્તાના પ્રતિનિધિ તેમની પાસે કોઈ સારા કામ માટે દાન મેળવવા આવ્યો. હેન્રીએ તરત જ ચેકબૂક મગાવી અને ૨૦૦ ડૉલર લખ્યા - ત્યાં જ એનો મેનેજર એક ટેલીગ્રામ લઈ હાજર થયો. હેન્રીએ ચેકબૂક બાજુએ મૂકી તાર વાંચ્યો. તેની કંપનીએ મોટી ખોટ ખાદી હતી અને કદાચ ચૂકવણી કરતાં નાદાર થઈ ફડચામાં જવું પડે - એવું પણ જણાવાયું હતું.

હેન્રીએ ચેકબૂક ઉપાડી ૨૦૦માંથી ૨૦૦૦ ડોલર કરી ચેક આપનારને આપ્યો, અને કહ્યું કદાચ આ મારું છેલ્લું દાન હોઈ શકે... આવનારે કારણ પૂછ્યું - ભાઈ મારી કંપનીઓને ખોટ ગઈ છે. જે કંઈ સત્કાર્યમાં મદદરૂપ થવાય તે સારું છે.

# 'પટેલ પાવર'નાં પ્રેઝન્ટેશન

સૌરાષ્ટ્રમાં લેઉઆ પાટીદારોની સામાજિક તાકાતનો પરચો કાગવડ ખાતે યોજાયેલ ખોડલધામ મહોત્સવ નિમિત્તે ઊડીને આંખે વળગે એ હદે દેખાયો. લાખોની મેદનીએ વિવિધ સ્થળોએથી રથયાત્રા કાલીને કાગવડ પહોંચવાનો વિક્રમજનક પુરુષાર્થ કરી બતાવ્યો. આ આ ઉત્સવના પ્રણેતા અને સૌરાષ્ટ્ર લેઉઆ પાટીદાર સમાજના સર્વમાન્ય સામાજિક નેતા નરેશ પટેલની સાથે ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે પણ કડકડતી ઠંડીમાં વહેલી સવારે રાજકોટથી મુખ્ય યાત્રાને પ્રસ્થાવ કરાવ્યું, લાખોની મેદનીએ શિસ્તબદ્ધ રીતે મા ખોડિયારની આ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પ્રસાદ ગ્રહણ કર્યો અને કોઈ પણ જાતની અવાંછનીય ઘટના ન બને કે ધાર્મિક કાર્યક્રમનો કોઈ રાજકીય પરિબળ કે પાર્ટી અણછાજતો ગેરલાભ ન લઈ જાય એની ફુલપ્રૂફ તૈયારી માટે આયોજન ખરેખર અભિનંદનના અધિકારી ગણાય. આવો જ મહોત્સવ થોડાં વર્ષો અગાઉ ઊંઝા કાતે ઉમિયા માતાના તીર્થ સ્થાને યોજાયો હતો જેમાં દેશ-વિદેશની કડવા પાટીદારો જોડાયા હતા, એનું સ્મરણ થયા વિના ન જ રહે. ગુજરાતમાં પાટીદાર સમાજ ખમતીધર કોમ તરીકે પ્રતિષ્ઠા ધરાવે છે. આ ધરતીપુત્રો કણમાંથી મણ પેદા કરવાની કળા હસ્તગત કરી છે - એટલું જ નહીં, બલ્કે આપણી ભાષામાં તો કહેવત જ પડી ગઈ છે: 'કણબી પાછળ કરોડ'. અર્થાત્ બધી જ વસતી આખરે તો ખેડૂત અને ખેતીને લીધે ટકી રહી છે. જો ખેડૂત ખેતી જ ન કરે તો બાકીની પ્રજા પાંગળી જ બની રહે. પરંતુ કાળક્રમે આ 'કણબી' ખેતી અને પશુપાલન ઉપરાંત બીજા ધંધા રોજગાર તરફ વળ્યો ત્યાં પણ એણે પોતાનું વજૂદ અકબંધ જાળવ્યું છે. આજે પટેલ કયાં છે એ કરતાં કયાં નથી એવો પ્રશ્ન થવા લાગ્યો છે. પટેલ જયાં ગયો ત્યાં એ ઝળક્યો છે. મૂળે ગામડાનો આ મેલાંઘેલાં લૂગડામાં રહેનારો અને જાત ધાન પકવતો હોવા છતાં ધાનને ધૂળ કરીને

**તંત્રીસ્થાનેથી...**

ખાનારો પાટીદાર શહેરોનો શ્રેષ્ઠી મહાજન બની ગયો છે. એણે સુરતની સૂરત પેરવી નાખી છે. હીરા ઝવેરાતથી લઈ બિલ્ડીંગ કંસ્ટ્રકશનના વ્યવસાયમાં જયાં નજર કરતો ત્યાં પટેલ જ પટેલ દેખાશે. વિશ્વ સ્તરે એણે ઉદ્યોગક્ષેત્રેથી લઈ મેડિકલ - ઈજનેરી અને ટેકનોલોજીમાં નામના મેળવી છે. તો વળી શિક્ષણ-સાહિત્ય અને કલામાં પણ તેનો દબદબો છે. ગુજરાતમાં 'પટેલ પાવર' એ સૌથી મહત્ત્વનો રાજકીય ફેકટર ગણાતો રહ્યો છે. મોદી જેવા સક્ષમ અને અને લોકપ્રિય નેતાને પણ પાટીદારોને હાથ પર રાખવા માટે પ્રતિસ્પર્ધી ગણાતા પાટીદાર આગેવાનો સાથે વખતોવખત અણગમતાં સમાધાન કરવાં પડ્યાં છે. કાગવડની ઐતિહાસિક ધાર્મિક ઘટના એ પાટીદાર સમાજની અસ્મિતાની અહાલેક છે. બાબુભાઈ જશભાઈ, ચીમનભાી અને કેશુભાઈ જેવા પાટીદાર મુખ્યમંત્રીઓ આપનાર પાટીદાર સમાજ છેલ્લા કેટલાય વખતથી રાજકીય ક્ષેત્રે એના ઘટતા જતા વર્ચસ્વથી ચિંતિત છે. સરદાર પટેલના આ વારસદારો કુનેહપૂર્વક પોતાનું વજૂદ પુનઃ પ્રસ્થાપિત કરવા કૃતસંકલ્પ હોય એવો મૅસેજ કાગવડના ખોડલધામ મહોત્સવ દ્વારા તથા ઉત્તર ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલનના સૂત્રધાર હાર્દિક પટેલના સ્વાગત માટે હિંમતનગર ખાતે ઊમટેલી મેદનીમાં બિટવિન દ લાઈન્સ વાંચી શકાય છે. આગામી વિધાનસભાની ચૂંટણી વખતે આ 'પટેલ પાવર' સંગઠિત સ્વરૂપે ધાર્યા નિશાન પાડવાનો પ્રયાસ કરશે તે મુદ્દે શંકાને સ્થાન ન જ હોઈ શકે. અગાઉ સુરતમાં 'પાટીદાર લાડુ' વાળો ઉપક્રમ પરિણામ નહોતો મેળવી શક્યો, તે અનુભવ પાટીદાર અગ્રણીઓને ૨૦૧૭ની ચૂંટણી ટાણે જરૂર ખપ લાગશે. ફક્ત પાટીદાર સમાજની એકતા કરવાથી સત્તા હસ્તગત ન થઈ શકે, એ વાત હવે પાટીદાર આગેવાનોને પણ સમજાઈ ગઈ છે. તેથી આગામી ચૂંટણી ટાણે પાટીદારો ક્ષત્રિય-ઓબીસી-દલિત વગેરે કોમો સાથે ગઠબંધન રચીને વિવિધ પક્ષોમાં વહેંચાઈ જઈ સત્તાની સાઠમારીમાં જોડાશે, એવી આગાહી અસ્થાને નથી.

# કમુરતા એટલે શું ? તેમાં શુભકાર્યોમાં નિષેધ કેમ ?

## નવોદિત કોલમ

કાનન ઓઝા



મુર્હૂત અને કમુરતાં એક બીજાની ઉલટો અર્થ થાય છે... મુર્હૂત એટલે સારો દિવસ પસંદ કરી તે દિવસ સારા સમયે, સારી દિશા પસંદ કરીને શરૂ કરવામાં આવતું કાર્ય. તારણ કાઢતા જોઈ એ તો વર્ષના અમુક મહિના અને તે મહિનાના અણુક દિવસો અને તે દિવસનો અમુક સમય કોઈ પણ નવું કાર્ય શરૂ કરવા માટે શુભ એટલે કે સારો છે.

આદિ માનવનું જીવન નિર્વાહ શરુઆતનાં સમયમાં મુખ્યત્વે ખેતી પર હતો. આથી તેઓ જયારે ખેતીના કામમાંતી જયારે ફૂરસદનો સમયને પોતાના બીજા કાર્યોમાં સમય ફાળવતા અને તે સમયને સારો એટલે કે મુર્હૂતના સમય તરીકે ગણતા એટલે કે ફૂરસદ મળી હોવાથી તે શુભકાર્યો ગોઠવી દેતા. આ સિવાયના દિવસોને તે કમુરતાં ગણતા.

માનવી જેમ-જેમ વૈચારિક ક્રાંતિ કરતો ગયો તેમ-તેમ આકાશના ગ્રહો - સૂર્ય - ચંદ્રની લીલા- આબોહવાના પલટા અને અમુક ચોક્કસ સમયે થતી કુદરતની કરામતો આ બધાની માનવી પર અસર પડે છે. તે જોઈને ખગોળશાસ્ત્રીઓએ અભ્યાસ કરી અને વર્ષના ચોક્કસ દિવસો, પોતાની વ્યવસ્તા અને કુદરતના સહકાર દ્વારા અમુક દિવસો નક્કી કર્યા.



મુર્હૂત કમુરતા એ માનવે તૈયાર કરેલી વિભાવના છે. જેમાં તેણે શુકન -અપશુકનના વિચારો પોતાના અવલોકન પ્રમાણે સ્થાન આપવામાં આવ્યું છે. આપણે ત્યાં બારતમાં મોટે ભાગે માન્યતાને માન આપીન તે મુજબ તેઓનોં જીવન પ્રસંગો ગોઠવો છે.

ઉત્તરાયણ સમયે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે અને તે સમયે સૂર્ય ઉત્તર દિશામાં નીચેના ભાગે રહેતો હોવાથી પૃથ્વી પર તેનાં કિરણો ખૂબ જ હળવા અને લાબધાયી હોય છે. માટે મકરસંક્રાતિ દરમિયાન જેટલા બને તેટલા સૂર્યનો કિરણો લેવામાં આવે તેટલા સૂર્યમાં કિરણો લેવામાં આવે તેટલા મનુષ્ય માટે લાભદાયી હોય છે.

હોળી પહેલાના આઠ દિવસોમાં શુભ કાર્ય નથી કરવામાં આવતું કારણ કે હોલી પહેલાં ખેતરમાં ઘઉંનો પાક તૈયાર થાય ત્યારે ખેડૂતો ફસલ ઉતારી ને વેચવામાં વ્યસ્ત હોય અને હોળી પછી ઘઉંનો વેપાર પુષ્કળ ચાલે અને ગૃહિણી ઘઉં સાફ કરવામાં વ્યસ્ત રહે છે. માટે એક વિરામ તરીકે હોળી પહેલનાં આઠ દિવસ સૌ કોઈ આરામ રાખવાનું આપણા પૂર્વજો એ વિચાર્યુ હશે એટલે તે સમયગાળાને કમુરતાના દિવસો જાહેર કર્યા હશે.



# ઓગણત્રીસમા જ્ઞાનસત્રની આડીઅવળી વાતો : ૪

## મનના ઉમંગો

રણછોડ પરમાર



તારીખ ૨૩ થી ૨૫ ડિસે. ના રોજ મગરવાડા ખાતે મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૯માં જ્ઞાનસત્રમાં જઈ આવેલા સાહિત્યપ્રેમીઓને જો કોઈ પૂછે કે આ જ્ઞાનસત્રમાં તમને સૌથી વિશેષ શું ગમ્યું ? તો મોટાભાગના જવાબ દેનારા એકીઅવાજે બોલશે કે યાર! એમની ભોજનસામગ્રી અદ્ભૂત હતી. જાતજાતની અને સ્વાદભરી વાનગીઓ આવા જેવી બીજે કયાંક જમવા મળી નથી! આપણે એમને સ્પષ્ટતા કરવી પડે કે ભાઈ, હું ભોજનમંડપમાં પીરસાયેલા પકવાનોનું નહીં પણ સભામંડપમાં પીરસવામાં આવેલા શબદ પદારથની વાત કરું છું. જવાબ મળશે, 'ઓહો ! એમ વાત છે? ખરું કહું બધી બેઠકોમાં શતાબ્દી વંદનાવાળી બીજી બેઠકમાં ખૂબ સરસ વકતવ્ય મળ્યાં. હરિકૃષ્ણ પાઠક બાલમુકુંદ દવે ઉપર બોલ્યા અને ઉદયન ઠક્કર, વેણીભાઈ પુરોહિતની શબ્દસાધના ખુલ્લી કરી આપી. આટલું જાણે અધુરું રહ્યું હોય તેમ પૂર્વપ્રમુખ શ્રીમતી વર્ષા અડાલજાએ વેણીભાઈ સાથેના તેમના સંબંધોની તથા કવિની ખુમારીની વાતો કરી સમગ્ર ચર્ચા ઉપર મોરપીંછ ચડાવી દીધું. આપણે એક લેખમાં બાલમુકુંદ દવેની સાહિત્યસાધના બાબતે હરિકૃષ્ણ પાઠકે આપેલા પ્રવચનની થોડીક વિગતોની ચર્ચા કરી હતી. તેમાં પાઠક બાલમુકુન્દ દવેના વડોદરાના વસવાટ દરમિયાન લખાયેલા 'વડોદરા નગરી' કાવ્ય વિશે બોલેલા તેની વિગત જણાવવાની રહી ગઈ છે. આ કાવ્યની થોડીક પંક્તિઓ પણ તેમને સંભળાવી હતી.'

વડોદરા શહેર સાથે પુરાણી છે પ્રીત મારે,
સાત વર્ષ લગી મારો અહીં વસવાટ છે;
આજવાનાં પાણી હજી ઊછળે છે અંગ અંગ,
માંડવીવી ધજાનો આ ઉરે ફરકાટ છે.

બાલમુકુંદ દવેએ વડોદરા શહેરને આપેલું આ એક અમૂલ્ય પ્રદાન છે. આજે આપણે બીકા કવિ વેણીભાઈ પુરોહિત વિશે આજે કંઈક કહેવાનો આશય છે. સ્વાભાવિક રીતે જ ઉદયનભાઈએ વેણીભાઈના કાવ્યકલાપમાંથી નીચેની પંક્તિઓથી શરુઆત કરી.

હું પોતે મારામાં છલકું
પંચામૃતનો મુખરિત મારવાર.
હું છું મારો ફેનિલ આરો,
ને હું મુજ ઊર્મિલ મઝધાર;
પંચામૃતનો મુખરિત પારાવાર.

ઠક્કરે આ કાવ્યની ઘણી પંક્તિઓ સરસ રીતે ઉઘાડી આપી. શ્રોતાઓ મંત્રમુગ્ધમાંથી બહાર નીકળે તે પહેલાં વક્તા શ્રોતાઓને જગાડવા જ જાણે બોલી ઉઠ્યા.

આપણામાંથી કો તો જાગે -
કોક તો જાગે !
કોક તો જાગે આપણામાંથી
હાય જમાને
ઢેઢ ફજેતી ઢીંચતા ઢીંચી,
ઘેનસમંદર ઘૂઘવે -
એનાં ઘોર ઊંડાણો
કોક તો તાગે
- આપણામાંથી કોક તો જાગે!

આ પઠન દરમિયાન દરેક કંડિકાને અંતે ઘણા શ્રાતોના હોઠ 'આપણામાંથી કોક તો જાગે' ના લયમાં ફરકતા જોવા મળ્યા. અરે આ તો વેણીભાઈનો વૈભવ, એમ કંઈ ધારા અટકે ?' 'નાનકડી નારનો મેળો' ઉમટ્યો -

હાલો પરોઢિયે ખોલ્યાં છે પોપચાં,
તેજના ટશિયા ફૂટે રે લોલ;
ધમ્મર વલોણે ગાજે ગોરસિયાં,
ખીલેથી વાછડાં છૂટે રે લોલ.
હાલોને સહિયર! પાણીડાં જઈએ.

વક્તાઓ વેણીભાઈને એકદમ અનોખા શબ્દો કેટલા બધા હાથવગા હતા એનું ઉદાહરણ આપતાં 'પરસ્પર' કાવ્યની પંક્તિઓ ટાંકી :

સપનાં તમારાં ગોરી
મારી તો નીંદરડી:
ચાંદની તમારી ગોરી,
મારી તો ચીંદરડી.

'નીંદરડી' જોડે 'ચીંડરડી' શબ્દ કેવો સરસ રીતે ગોઠવાઈ ગયો છે એ વાત ઠક્કરભાઈએ આંગળી ચીંધીને બતાવી. બીજું ઉદાહરણ પણ વાંસોવાસ આપ્યું -

રાતી રાતી પારેવાંની આંખડી
ઝમકારા લાલ
ચ-ટ-ક ચણોઠી રાતીચોળ
અમને રસ્તામાં રંગ લાગ્યો રાતોજી રાતો.
(રાતો રંગ)

'કરવતથી વહેરેલાં, ઝેરણીથી ઝેરેલાં, કાનસથી છોલેલાં, તોય અમે લાગણીનાં માણસ' વાળી 'માણસ' કવિતાની ઉદયનભાઈએ વાત કરેલી કે નહીં તે મને બરાબર યાદ નથી. એમણે કીધેલી ઘણી વાતો ભૂલાઈ ગઈ છે. પરંતુ 'નયણાં'ની વાત એકદમ યાદ છે. કારણ કે એ કવિતા મને ખૂબ ગમે છે. ખાસ તો એ કવિતા મને ખૂબ ગમે છે. ખાસ તો એ કવિતા મને ખૂબ ગમે છે. ખાસ તો એ કવિતા સંભળાવતા જ મેં આખો લેખ લખ્યો છે. સાંભળો -

***નયણાં***

ઊંના રે પાણીનાં અદ્ભુત માછલાં -
એમાં આસમાની ભેજ,
એમાં આતમાનાં તેજ :
સાચાં તોયે કાચાં જાણે કાચનાં બે કાચલાં :
ઊંનાં રે પાણીરાં અદ્ભુત માછલાં.
સાતે રે સમદર એના પેટમાં,
છાની વડવાનલની આગ,
અને પોતે છીંછરાં અતાગ:
સપનાં આળોટે એમાં છોરું થઈને ચાગલાં :
ઊનાં રે પાણીનાં અદ્ભુત માછલાં.
જલના દીવા ને જલમાં ઝળહળે,
કોઈ દિન રંગ ને વિલાસ,
કોઈ દિન પ્રભુ! તારી પ્યાસ,
ઝેર ને અમરત એમાં આગલાં ને પાછલા:
ઊનાં રે પાણીનાં અદ્ભુત માછલાં.

**- વેણીભાઈ પુરોહિત**

# મહેફિલની ત્યારે સાચી શરૂઆત થઈ હશે, મારા ગયા પછી મારી જ વાત થઈ હશે...

## લાગણીનો મેળો

રસિક વાળંદ



**હૈયે રાખી ઉમંગ જીવી જા;**
**જે મળે તે પ્રસંગ જીવી જા;**
**મન મળે તેની સંગ જીવી જા;**
**ના મળે તો નિઃસંગ જીવી જા;**
**લોક કાદવ ભલે ને ઉછાળે;**
**સામો ઉડાડી રંગ જીવી જા;**
**કોઈની આંખમાં છલકે જળ;**
**ઝીલી એનાં તરંગ જીવી જા;**
**ગૂંચ કે ગાંઠ ક્યાં હવામાં છે;**
**શ્વાસે શ્વાસે સળંગ જીવી જા;**

ખુશ રહેવાની ઘણીયે ઈચ્છા થાય પ..ણ... ખુશ ક્યાં રહી શકાય છે?

માનવ મનની આ દ્વિધા પાછળ રોજીંદો તણાવ... સતત દોડધામ... અપેક્ષાઓનું દબાણ... કારણભૂત છે...જે આપણા શાંતિ અને સુખચેન છીનવી લે છે. આમ તો આપને બધાં જ કમાવાની લ્હાયમાં સાચ્ચેસાચું જીવવાનું જ ભૂલી બેઠા છીએ. શાસ્ત્રો અને સંતો કહે છે, ''પ્રાપ્તને ભોગવ, અપ્રાપ્તની ચિંતા છોડ.'' પરંતુ આપણને આ બધું ક્યાં સમજાય છે... આપણે તો ચોગરદમ ફાંફા મારવાની ટેવ કોઠે પડી ગઈ છે... આપણે સૌ આડા ફંટાયા છીએ.... રસ્તો ભૂલ્યા છીએ... વસ્તુને પ્રેમ કરવા લાગ્યા અને વ્યક્તિને વાપરવા લાગ્યા છીએ.

આનંદ — ખુશી તો પંડમાં પડી છે. ભળતા ને ભાવતા રહીએ.. ખુદને પ્રેમ કરીએ. દરેક સ્થિતિમાં સંતુષ્ટ રહીએ. હસી-ખુશીનિ સાથે સ્વાસ્થ્ય પણ જળવાશે.

પૂ.પાંડુરંગ શાસ્ત્રીજી (પૂ.દાદા) કહેતા, ''મનુષ્ય એટલે કૃતજ્ઞતા.'' પ્રત્યેકને જન્મથી માંડીને જીવીએ ત્યાં લગી બીજાનો સહારો લેવો જ પડતો હોય છે. સહારે સહારે જ જીવતર ખીલે ને ખરે છે... 'ન એકાકી રમન્તે' જીવન એક રમત છે. એકલા એકલા થોડું રમી શકાય. સગાં-વહાલાં, મિત્રો, પાડોશીઓ, સહકર્મીઓ ઉપરાંત કોઈ જ્યાં અને જયારે મદદરૂપ થાય ત્યારે સહજભાવે સસ્મિત એક નાનકડું 'Thank You' આભાર વચન કહીએ તો જો જો..... તેમનું મન ખીલી ઉઠશે.....

ગુણદર્શનની ટેવ કેળવીએ. બીજાના રાઈ જેવડા ગુણને પર્વત જેવો બનાવો. પર્વત જેવડા દોષને રાઈ જેવો કરો. પરાયું કે પારકું કોઈ રહેશે નહિ. સર્વ સ્વીકારની ભાવના કેળવવાથી તણાવ આપોઆપ ઘટશે.

નરસિંહ મહેતાએ ગયું છે,

**''જે ગમે જગદગુરુ જગદીશને**
**તે તણો ખરખરો કરવો ફોક.''**

ભગવાન આપણી પતરાળીમાં જે કઈ પીરસે તે ઉમળકાથી જમી લેવું. પૂ.દાદાજી તો કહેતા ''પ્રત્યેક કોળિયો તત્વજ્ઞાનમાં બોળીને ખાઈએ.'' બધું જ આપણી મરજી મુજબનું થાય. સંજોગો આપણા નિયંત્રણમાં હોય એવું કદાપિ ન બને. બધું જ બદલાતું રહેવાનું. ''યે દિનભી ચલે જાયેંગે'' કશું જ કાયમ — હંમેશ રહેતું નથી માટે વિચલિત થવું નહિ.

કૈલાસ પંડિતે લખ્યું છે,

**''મહેફિલની ત્યારે સાચી શરૂઆત થઇ હશે,**
**મારા ગયા પછી મારી જ વાત થઇ હશે.''**

એમ મોટેભાગે બે જાણ મળે ને ત્રીજાની ખણખોદ ચાલુ થતી હોય છે. અણગમતી વાતો ઘૂંટ્યા કરવાથી નકારાત્મકતા દ્રઢ બને ધીરે ધીરે વ્યક્તિ 'વાંકદેખો' બની જાય. આનાથી બચવા 'ક્ષમા' નો ગુણ કેળવો. જે કઈ હોય તેને માફ કરી દો... ભૂલી જાઓ...

પ્રશંસા પ્રભુને પણ પ્યારી છે... વખાણ સાંભળવા કોને ન ગમે. કોઈની ખોદણી કરવી, ટીકા-ટિપ્પણ કરવામાં લગીરે કંજુસાઈ કરતા નથી તો પછી વખાણ કરવામાં કેમ પાછા પડાય! બધાના કાન પોતાના વિષે સારું — સારું સાંભળવા તલસે છે... જ્યાં પણ સારું દેખાય ત્યાં તેના વખાણ કરવાનું ન ચૂકશો. સારું કામ કરનારને શાબાશી અને શુભેચ્છા આપવામાં વિલંબ ન કરશો. સારું બોલશો તો સામેવાળાનો દિવસ તો સુધારી જ જશે. તમારું હૈયું પણ ખીલી ઉઠશે. ''ગમતાનો કરીએ ગુલાલ'' આ તો એક પ્રકારનું અત્તર જ છે. અહી મારા કહેવાનો મતલબ એ પણ નથી નકામા કે ખોટા વખાણ કે ચાપલૂસી કરવી. બીજાની ભલાઈ, સારા ગુણો, ખૂબીઓને ઓળખીએ, સ્વીકારીએ જેનાથી એક સારા માણસ બનવાની શરૂઆત થાય...

વ્યવહારમાં મારો જાત અનુભવ કહે છે કે નિરુદેશે કોઈને મળીએ કે બોલીએ તો તે ગમતું હોય છે.... પોતાને કોઈ સામેથી બોલે એવું મહદંશે સૌ કોઈ ઈચ્છે છે. તો આપણે જ સામે ચાલીને બીજાને બોલવાની શરૂઆત કરીએ તો કેવું?! આપણો ૯૦% તણાવ તો આવો અર્થહીન — તર્કહીન હોય છે. ઘણીવાર આપણા ખોટા — ભ્રામક ખ્યાલો જ આપણી પીડાનું કારણ બનતા હોય છે. આપણે કદી પેલા ફૂલની માફક ખુલવાનું ને ખીલવાનું શીખ્યા છીએ ખરા?!! જાતને ખોટા ભારણથી મુક્ત કરીએ, હળવા થઈએ... સહજ-સરળ થઇ જંગમાં વિચારીએ. જગતને આપણી કોઈ તમા નથી. આપણને જગતની જરૂર છે. દુનિયા ન બદલાય આપણે બદલાવું પડે... આપણું સૂવું-ઉઠવું, ખાવું-પીવું, હરવું-ફરવું આ બધામાં શિસ્તબદ્ધ રહેવાની ટેવ કેળવીએ તો દવાની જ જરૂર ન રહે.... સ્વસ્થ મન સ્વસ્થ જીવન બની રહે...

દોસ્તો, આપણે જ્યાં છીએ ત્યાં પ્રત્યેકને પ્રેમ કરો. Let go ની ભાવના રાખો. All is well કહેતા શીખો.... બધે જ Adjust થતાં શીખી લો. કારણ વ્યક્તિ ખુદને મેનેજ ન કરી શકે ત્યાં સુધી મોટામાં મોટી કુશળતા કે ઊંડાણભર્યા અનુભવ પણ વ્યક્તિને પ્રભાવશાળી બનાવી શકતો નથી.

***સ્પર્શમણિ***

તમે કઈ પણ કરવા સક્ષમ છો. તમે જે ઈચ્છો એ કરી શકો છો. તમે આ અનંત બ્રહ્માંડની જેમ અનંત સંભાવનાઓથી પરિપૂર્ણ છો...

**- શેલ્ડ હેલ્મસ્ટેટર**

સાચી ખુશી ભવિષ્યની ચિંતા કર્યા વિના કે ભૂતકાળનો કોઈ અફસોસ કર્યા વિના માત્ર વર્તમાનનો, વર્તમાન ક્ષણનો આનંદ લેવાનું નામ છે.

**— સેનેકા**

- Rasikvaland1965@gmail.com